| GJSK040011022018 | | |
|---|---|---|
| | આંક | |
| | કેસ દાખલ તા: | ૧૬/૦૭/૨૦૧૮ |
| | કેસ રજી. તા: | ૧૬/૦૭/૨૦૧૮ |
| | કેસ ફેસલ તા: | ૨૫/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

## ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.

**ફોજદારી કેસ નં.૮૭૬/૨૦૧૮**

**ફરીયાદી** :– **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપી** :– **કમલેશભાઈ રેવાભાઈ પરમાર(ભાંભી),** ઉ.વ.૩૭, રહે.માથાસુર, તા.ઈડર, જી.સાબરકાંઠા.

**ગુન્હો :–<u>પ્રોહી. એકટની કલમ–૬૫–ઇ, ૧૧૬(બી) મુજબ.</u>**

---

**સરકારશ્રી પક્ષ તરફે** :– વિ.વ.શ્રી પી.બી.દવે.
**આરોપી તરફે** :– વિ.વ.શ્રી પી.એ.ગુર્જર.

---

**–: ઠ રા વ :–**

૧. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૯/૦૫/૨૦૧૮ કલાક ૧૮:૪૫ મોજે માથાસુર એચ.પી.પેટ્રોલપંપની બાજુમાં ગુજરાત રાજયમાં દારૂની બંધીનું અમલીકરણ હોવાનું જાણવા છતાં પોતાના ઘરમાં ઈગ્લીશ દારૂની બોટલ નંગ–૯૬ તથા બીયર ટીન નંગ–૧૩૯ મળી કુલ કિં.રૂા. ૩૭,૯૦૦/– નો મુદ્દામાલ વેચાણ સારૂ રાખી ઘરે હાજર નહી મળી આવી ગુન્હો કરેલ. જેથી આરોપી સામે પ્રોહી.એકટની કલમ–૬૫–ઇ ૧૧૬(બી) મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી આંક–૦૭ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભાળવી આંક–૦૮ થી નિવેદન લેતાં તેઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરેલ છે.

૩. ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ બાલાજી સરદારજી મકવાણાની જુબાની | ૧૨ |
| ૨. | પંચ સાહેદ શૈલેષકુમાર ગોવિંદભાઇ પરમારની જુબાની | ૧૪ |
| ૩. | ફરીયાદી પો.કો. લક્ષ્મણસિંહ જોરૂસિંહ દેવડાની જુબાની | ૧૭ |

(બ) **દસ્તાવેજી પુરાવો** :–

| આંક | વિગત |
|---|---|
| ૧૩ | પંચનામાંની ખરી નકલ |
| ૧૮ | અસલ ફરીયાદ |

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

૪. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓના ઉપર ખોટી ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે.

૫. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને અને બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૬. સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

**મુદ્દાઓ :–**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૯/૦૫/૨૦૧૮ કલાક ૧૮:૪૫ મોજે માથાસુર એચ.પી.પેટ્રોલપંપની બાજુમાં ગુજરાત રાજયમાં દારૂની બંધીનું અમલીકરણ હોવાનું જાણવા છતાં પોતાના ઘરમાં ઈગ્લીશ દારૂની બોટલ નંગ–૯૬ તથા બીયર ટીન નંગ–૧૩૯ મળી કુલ કિં.રૂા. ૩૭,૯૦૦/– નો મુદ્દામાલ વેચાણ સારૂ રાખી ઘરે હાજર નહી મળી આવી, પ્રોહી. એકટની કલમ–૬૫–ઈ, ૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u> :**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બાચાવપક્ષની ઉલટતપાસ સહિત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં પુરાવો જોતાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૧૭ થી ફરીયાદી પો.કો. લક્ષ્મણસિંહ જોરૂસિંહ દેવડા ને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આ કામના આરોપીએ મોજે માથાસુર એચ.પી.પેટ્રોલ પંપની બાજુમાં ગુજરાત રાજયમાં દારૂની બંધીનું અમલીકરણ હોવાનું જાણવા છતાં પોતાના ઘરમાં ઈગ્લીશ દારૂની બોટલ નંગ–૯૬ તથા બીયર ટીન નંગ–૧૩૯ મળી કુલ કિં.રૂા. ૩૭,૯૦૦/– નો મુદ્દામાલ વેચાણ સારૂ રાખી ઘરે હાજર નહી મળી આવેલ હોવાનું જણાવેલ છે અને આંક–૧૮ થી રજુ ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી તેમજ આ કામે પ્રથમ તે કયાં વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ તેમજ સદર કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ નથી તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવ

વાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઇ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી પંચ સાહેદ બાલાજી સરદારજી મકવાણાને તથા આંક–૧૪ થી પંચ સાહેદ શૈલેષકુમાર ગોવિંદભાઇ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ આંક–૧૩ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી. એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામું કરી પ્રોહી. મુદામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચો જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઇ જ પુરાવો રજુ રાખતા ન હોય, નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
VS
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH)
&

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ આ કામે પોલીસ સાહેદનો જો પુરાવો નોંધવામાં આવે તો પણ તેઓના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી. મુદામાલ બાબતે શંકા ઉદભવે છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે

પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

**૧.** આ કામના આરોપી કમલેશભાઇ રેવાભાઇ પરમારનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫–ઇ ૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

**૨.** સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન અંગે જો કોઇ અગાઉ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય મુદ્દામાલ વાહનના રજી.માલિકની ખરાઇ કરી તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭–એ અન્વયે આ કામના આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૨૫/૦૬/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//M.B.S//